

અમરનાથ દર્શન કરીને પરત ફરી રહેલા યાત્રાળુ પર થયેલા આતંકી હુમલાની ઘટનાને દેશવાસીઓ સખત શબ્દો વખોડી કાઢી છે. આજે જિલ્લા મથક પાલનપુરમાં દિલ્હીગેટ બારડ પુરા વિસ્તાર ખાતે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા અમરનાથ યાત્રાળુ ઉપર થયેલા કાયરતાપૂર્ણ હિંચકારા હુમલા ના વિરોધ માં ઈસ્લામીક આતંકવાદી અને પાકિસ્તાન રાષ્ટિયધ્વજ નું દહન કરી સખત શબ્દો માં વિરોધ પ્રગટ કર્યો હતો તેમજ આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલી ને આપી હતીશ્રીનગરના અનંતનાગમાં સોમવારે રાત્રે આતંકવાદીઓએ અમરનાથ યાત્રાળુએ ગયેલા ગુજરાતીઓની બસ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આતંકી હુમલામાં ૭ ગુજરાતીઓના મોત થયા છે. આતંકીઓએ ઓમ ટ્રાવેલ્સની બસ પર હુમલો કર્યો હતો, ત્યારે ટૂર ઓપરેટર અને હર્ષ દેસાઈને પણ ૨ ગોળી વાગી હતી. શ્રીનગરથી થોડે આગળ ગયાને તરત જ બસને ઘેરી વળીને મન ફાવે તેમ ગોળીઓ મારી હતી.અમરનાથ યાત્રાએ ગયેલા શ્રધ્ધાળુઓ પર અનંતનાગમાં આતંકી હુમલો થયો હતો. જેમાં ૭ યાત્રાળુઓના મોત થયા છે. અને ૧૯ જેટલા ઈજાગ્રસ્ત થયા છે.

# મોડાસામાં કોંગ્રેસ દ્વારા રેલી યોજી આવેદનપત્ર આપ્યું

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સોમવારે મોડાસા ખાતે ભવ્ય રેલી યોજી રી-સર્વેની પ્રક્રિયા પછી ખેડૂતોની દયનીય બનેલ હાલત અને કરોડો રૂપિયાના ધુમાડા પછી પરિસ્થિતિ બેહાલ બનવાની સાથે રાજ્યના ખેડૂતોના દેવા માફ કરવાની ઉગ્ર માંગ સાથે રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મોડાસા માર્કેટયાર્ડથી ચાર રસ્તા સુધી અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી યોજી ભાજપા સરકાર વિરૂદ્ધ સુત્રોચ્ચાર પોકારી ખેડૂતોના દેવા માફ કરવાની માંગ કરી હતી. જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ખેડૂતો દ્વારા રી-સર્વેની કોઈ પણ જાતની માંગણી કરવામાં આવી ન હોવા છતાં સરકારને અચાનક જાણે કૌભાંડ આચરવાનુ મન થયુ હોય તેમ વિચારી ખેડૂતોની જમીનો રી-સર્વેને કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીઓને આપી ૨૧૦૦ કરોડથી વધુ રકમનો ધુમાડો કરી રીતસર કૌભાંડ આચરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે રી-સર્વેની કામગીરીથી ખેડૂતોની જમીનોમાં ફેરફાર થતા હેરાન પરેશાન થઈ ગયા છે. અને કેટલીક જગ્યાએ આખેઆખી સરકારી જમીનો ગાયબ થઈ ગઈ છે. ડીએલઆર કચેરીઓ રાજ્યભરમાં સતત ખેડૂતોની રી-સર્વેની અરજીઓને પગલે અન્ય કામકાજ પડતા મુકી આ કામે લાગી ગયા છે. જેથી કર્મચારીઓના પગારનો ભારણ વધ્યો છે. આ કૌભાંડ ફરીથી આચરવાના બદલે ખેડૂતોની જમીનો રી-સર્વે મફત કરી આપવામાં આવે તેમજ આરટીઆઈ એક્ટીવીસ્ટે માહિતી માંગતા ૫૧ટકા ખેડૂતો રી-સર્વેની કામગીરી જાણ બહાર કરવામાં આવી છે. તદ્ઉપરાંત પંજાબમાં કોંગ્રેસે ખેડૂતોનુ દેવુ માફ કર્યુ છે અને મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકારે ખેડૂતોનુ દેવુ માફ કર્યુ હોય તો ગુજરાતની રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના દેવા માફ કરવાની ઉગ્ર માંગ કરી હતી.

આ રેલીમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, ઉપપ્રમુખ જયદત્તસીંહ પુવાર, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, મોડાસાના ધારાસભ્ય, ભીલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા, માલપુર બાયડના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા સહિત કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# ધાનેરા તાલુકામાં તલાટીઓની ઘટ

ટી.ડી.ઓ.ને પુછવામાં આવેલ કે નજીકના ગામોના તલાટીઓને ચાર્જ આપવામાં આવેતો નજીક ગામમાં જઈને લોકોનુ કામ થઈ શકે. પરંતુ ટીડીઓનુ કહેવું છે કે તલાટી અમારૂ માનતા નથી. જો અધિકારીનુ તલાટી માનતા ન હોય તો અધિકારીની તાકાત કેટલી પરંતુ વધુ ચાર્જ આપેલ તલાટીઓની મીલીભગત જોવા મળી રહી છે. ગામડાના લોકો પોતાના કામ માટે પરેશાન થઈ રયા છે જેમ બને તેમ તલાટીઓની નવી ભરતી થાય અને ત્યા સુધી દરેક તલાટીઓને નજીકના બે બે ગામનાં કામો સાચવવા આપવામાં આવે તો લોકોના કામમાં અવઝડ રોકી શકાય પરંતુ સત્ય શું છે ? જો જીલ્લા વિકાસ અધિકારી તપાસ કરી મનમાની ચલાવતા તલાટી ઓ પર પગલા ભરે અને લોકોનાં કામમાં રાહત મળે તેવી ગ્રામડા વિસ્તારનાં લોકોની માંગ છે.

# ખેડબ્રહ્માંમાંથી દોરા ચોરતી ચાર મહિલાઓને પોલીસ દ્વારા જેલ હવાલે

ખેડબ્રહ્મા, તા. ૧૧

રવિવારના રોજ ગુરૂપૂર્ણિમાને લઈ ખેડબ્રહ્મા તાલુકા તથા સાબરકાંઠા જિલ્લાના માઈ ભક્તો દૂરદૂરથી મંદિરમાં દર્શન માટે આવતા હોય છે. જેમાં દોરા ચોરનારી ગેંગની મહિલાઓ પણ શ્રદ્ધાળુ બની લોકોમાં સામેલ થઈ દોરા ચોરતી જેમને પોલીસે સીસીટીવી ફુટેજ આધારે ઝડપી પાડી હતી.

આ અંગે પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર વડાલી તાલુકાના વાસણ ગામના ગંગાબેન ભીખાભાઈ રામાભાઈ પરમારે ગુરૂ પૂર્ણિમાના દર્શન કરવા માટે તેમના દિકરા અરવિંદભાઈ સાથે બાઈક લઈ ખેડબ્રહ્મા માતાજી મંદિરે આવેલ હતા. અને ગંગાબેન મંદિરમાં દર્શનાર્થે સ્ત્રીઓની લાઈનમાં દર્શન કરવા ઉભા હતા. અને અરવિંદભાઈ પુરૂષોની લાઈનમાં ઉભા હતા. ત્યારે મંદિર પરીસરમાં તેમના ગળામાં પહેરેલ સોનાનો દોરો આશરે એક તોલાનો રૂ. ૩૨૦૦૦નો ભીડનો લાભ લઈ એક મહિલાએ તોડી પાડેલ હતો.

જેથી તેમણે શોધખોળ કરી પરંતુ કોઈ મહિલા મળી આવેલ નહી. તેમજ તે સમય દરમ્યાન તેજપુરા ગામના શાંતાબેન દાનસિંહ રાઠોડ રવિવાર સવારે ૧૧ વાગે તેમના પાડોશી રમીલાબેન રાઠોડ સાથે ગુરૂપૂર્ણિમા હોઈ ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર દર્શન કરવા આવેલ હતા. અને અંબિકા માતાજી મંદિર પરિસરમાં ખુબજ ભીડ હોઈ તેઓ લાઈનમાં દર્શન કરવા માટે ઉભા હતા. ત્યારે તેમણે પહેરેલ સોનાનો દોરો આશરે સવા એક તોલા વજનનો અંદાજે રૂ. ૩૫૦૦૦ પાછળથી કોઈ મહિલાએ બળજબરી ખેંચી તોડી લી ગઈ હતી. તેમણે મંદિરમાં શોધખોળ કરી પરંતુ દોરો મળી આવેલ નહી. જેથી શાંતાબેન દાનસિંહ રાઢોડ અને ગંગાબેન ભીખાભાઈ રામાભાઈ પરમારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને અજાણી મહિલાઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.



## ધનસુરામાં તસ્કરોનો ત્રાસ

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસામાં તસ્કરોએ કસબ અજમાવ્યા પછી જાણે ધનસારાને ટાર્ગેટ બનાવ્યો હોય તેમ હમણાંથી રોજ ફરિયાદો મળે છે. પંદર દિવસ પહેલા માર્કેટયાર્ડ પાછળની સોસાયટીમાં ત્રાટક્યા બાદ અઠવાડિયા પહેલા એક સાથે બે બંધ મકાનોમાં ચોરી કરી અંદાજે ૬૫ હજારની મત્તા ચોરી ગયાની શાહી સુકાઈ નથી ત્યાં શનિવારે મોડી રાત્રે ભરબજારમાં બસસ્ટેન્ડ સામે આવેલ એક દુકાનનુ તાળુ તોડ્યુ હતુ. ચોકીદાર જોઈ જતા બૂમ પાડતા ભાગી ગયા હતા. ચારરસ્તા સુધી પીછો કર્યો પણ તસ્કરો ભાગી જવામાં સફળ રહ્યા હતા. છેલ્લા કેટલાય સમયથી ચોરીનો ઉપદ્રવ વધી ગયો છે. છતાં ધનસુરા પોલીસની નાઈટ પેટ્રોલિંગ જોવા મળતી નથી. ગામમાં સોસાયટીઓમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવાની જરૂર છે. નાઈટ પેટ્રોલિંગ સઘન બનશે તો ચોરીઓ ઓછી થશે.

# તીરંદાજી ગોલ્ડમેડલ વિજેતા બહેનો બે લાખની સહાયથી વંચિત

મોડાસા, તા. ૧૧

નેશનલ લેવલે ૬ ગોલ્ડમેડલ મેળવનાર લૂસડીયાની તીરંદાજ બહેનોને ઈન્ટરનેશનલમાં રમવા અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા બે લાખ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી હતી. તદ્ઉપરાંત ઈન્ટરનેશનલ લેવલે રમવા જે જરૂરીયાત હશે તે પૂરી પાડવા ખાતરી આપી હતી. અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા જાહેર કરેલા બન્ને બહેનોના ૨-૨ લાખ રૂપિયાની સહાય સામાન્ય સભા અને કારોબારી સભામાં ઠરાવ કરી સહાયની રકમ સત્વરે મળે તે માટે પ્રયત્નો હાથ ધર્યા હતા પરંતુ જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા અધિકારીઓની આળશ ગણો કે પછી સહાય ચૂકવવા કરાતા ઠાગાઠૈયાથી સમગ્ર જિલ્લામાં આવા અધિકારીઓ સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજયના રમતવીરો માટે ખેલમહાકુંભ દ્વારા કરોડો રૂપિયા ખર્ચી રહી છે. તદ્પરાંત જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન ગુજરાત પ્રવાસે આવેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અધ્યતન સ્ટેડીયમનુ લોકાર્પણ અને ગુજરાતના રમતવીરોનુ સ્વાગત કરી પ્રોત્સાહન આપ્યુ હતુ. જ્યારે તદન તેનાથી વિપરીત પરિસ્થિતિ અરવલ્લી જિલ્લામાં જોવા મળતા ખેલાડીઓ સહિત જિલ્લાવાસીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. લુસડીયા હાઈસ્કૂલ ધોરણ-૧૦માં અભ્યાસ કરતી પીનલ સુવેરા અને તેની બહેન અર્ચના સુવેરાએ ગરીબ પરિસ્થિતિ હોવા છતાં તીરંદાજી ક્ષેત્રે કાઠુ કાઢી નેશનલ લેવલે પિનલે-૪ અને અર્ચનાએ ૨ ગોલ્ડ મેડલ જીતી અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યનું નામ દેશમાં રોશન કર્યુ હતુ. ગરીબીના કારણે પુરતા સમયના કોચ અને તીરંદાજીના અદ્યતન સાધનો ખરીદવામાં મદદરૂપ બનવા માટે અને પ્રોત્સાહન રૂપે અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા બન્ને બહેનોનુ સન્માન કરી જિલ્લા પંચાયત દ્વારા ૨-૨ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી સામાન્ય સભા અને કારોબારી સભામાં ઠરાવ કર્યો હોવા છતાં અને છ મહિનાથી વધુ સમય થયો છતા જિલ્લાના અધિકારીઓ દ્વારા ૪ લાખ રૂપિયા ફાળવવામાં નથી આવ્યા અને યેનકેન પ્રકારે સહાય ફાળવવા માટે નિષ્ક્રીય રહેતા સોમવારે મળેલી સામાન્ય સભામાં જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા તાત્કાલીક સહાયની રકમ ચૂકવી દેવા અધિકારીઓને સૂચના આપી હતી.



## પાલનપુર મુકામે રત્ન આભૂષણ સુવિધા કેન્દ્રનું લોકાર્પણ

ડાયમંડ એશોસિએશન ઓફ પાલનપુર ધ્વારા ભારત સરકારના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વિભાગના સહયોગથી પાલનપુર ખાતે કોમન ફેસીલીટીવાળું રત્ન આભૂષણ કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. જેનું કેન્દ્રીય વાણિજય અને ઉધોગ રાજયમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગ રાજયમંત્રી હરીભાઈ ચૌધરી અને ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું કે વિશ્વમાં ડાયમંડ ક્ષેત્રે ભારત અગ્રેસર છે, દુનિયામાં તૈયાર થતાં ડાયમંડ પૈકી ૯૩ ટકા ડાયમંડ ગુજરાતીઓ તૈયાર કરે છે. તેમણે ગુજરાતના રત્ન કલાકારોની કારીગરીની સરાહના કરતાં જણાવ્યું કે ગુજરાતના રત્ન કલાકારોએ ખુબ સરસ કામ કરીને ડાયમંડ ક્ષેત્રે દુનિયામાં નામ રોશન કર્યું છે. તેમણે ઉમેર્યુ કે ગુજરાતીઓ હીરાના પારખુ છે.

# ઈડર દત્ત સિધ્ધ પીઠ મસાલ ખાતે ગુરૂપુર્ણિમાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૧૧

સાબરકાંઠા જીલ્લાના ઈડર દત્ત સિધ્ધ પીઠ મસાલ ખાતે સ્વામીજી અનંતતીર્થજીના આશ્રમમાં ગુરૂપુર્ણિમાનો કાર્યક્રમ યોજાયો હતો. ૩૫૦૦ થી વધુ વિવિધ રાગો ઉપર આધારીત બાર કલાકની અખંડ ધુનનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે, મુંબઈ, અમદાવાદ, હિંમતનગર, કલ્યાણ, ઈડર સહિત દુર-દુરથી ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.

# મોટી ઈસરોલ ગામમાં ગુરૂપુર્ણિમાની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામમાં ગુરૂપુર્ણિમાની ઉજવણી યોજાઈ હતી. અરવલ્લી જીલ્લા ભાજપ સંઘઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શાંમળભાઈ પટેલ સહિત ભાવિક ભક્તોએ ગુરૂપુર્ણિમા મહોત્સવ નિમિત્તે ભાજપના ગુરૂવંદના કાર્યક્રમ અંતર્ગત રામદેવ ઉપાસક પરમ પુજ્ય હિરાદાદા અને તારાપુરના પરમ પુજ્ય મોહન મહારાજના આશ્રમે લક્ષ્મણબાપુને શાલ ઓઢાડી પુજન, દર્શન સહ સન્માન કર્યું હતું.

# મોડાસા વિધાનસભાની ચૂંટણીના પડધમ શરૂ, રાજકીય પાર્ટીઓની ગૃપ મિટીંગો શરૂ

## કોંગ્રેસ પાસેથી બેઠક પરત મેળવવા ભાજપની જોરદાર તૈયારીઓ

મોડાસા, તા. ૧૧

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીના પડધમ શરૂ થઈ ગયા છે. ત્યારે ભાજપ દ્વારા ૧૫૦ બેઠકો મેળવવાના લક્ષ્યાંક સાથે રાષ્ટ્રિય પ્રમુખ અમિત શાહ દ્વારા ગુજરાતના આંટાફેરા વધી ગયા છે. સમગ્ર ગુજરાતમાં જાહેર સભાઓ, રેલીઓ અને કાર્યકરોને કામે લગાડી દીધા છે. ગુજરાતમાં જાહેર સભાઓ, લોકાર્પણ, રેલીઓના બહાને મતદારોને રીઝવવામાં લાગી ગયા છે.

બન્ને રાજકિય પાર્ટીઓએ આ વખતે ગુજરાતની ગાદી માટે મરણીયો જંગ ખેલી રહ્યા છે. કોંગ્રેસમાં આંતરિક મતભેદના કારણે હજુ જોઈએ તેટલુ વાતાવરણ જમાવી શકી નથી. પરંતુ ગુજરાતના ઈન્ચાર્જ અશોક ગેહલત અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સાથે તેમની ટીમ જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે.

હવે અરવલ્લી અને સાબરકાંઠાની વાત કરીએ તો ગત ચૂંટણીમાં ભાજપને માત્ર એક જ ઈડરની બેઠક મળી હતી. કોંગ્રેસે બહુમતીથી સીટો મેળવતા તાલુકા જિલ્લા પંચાયતમાં પણ કોંગ્રેસે બાજી મારી હતી. તે જોતાં સાબરકાંઠા અને અરવલ્લીમાં કોંગ્રેસની હજુ પક્કડ છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસનુ વર્ચસ્વ તોડવા માટે આ વખતે ભાજપે એડી ચોંટીનુ જોર લગાવ્યું છે. તાલુકા અને જિલ્લા પંચાયતો તોડી ભાજપ સત્તા મેળવવા મરણીયો પ્રયત્ન કરી રહ્યું છે. જો કે ઉત્તર ગુજરાતમાં જાણવા મળ્યા પ્રમાણે હજુ શંકરસિંહ વાઘેલાનુ વર્ચસ્વ દેખાય છે. કોંગ્રેસ આંતરિક લડાઈ ચાલુ રાખશે તો ભાજપનુ ૧૫૦ બેઠક મેળવવાનું સ્વપ્ન સાકાર થવાની શક્યતાઓ છે. મોડાસા વિધાનસભાની બેઠક કોંગ્રેસ માટે સાચવવી આ વખતે મુશ્કેલ છે. વર્તમાન ધારાસભ્ય વિરૂદ્ધ જોરદાર રજુઆતો થઈ રહી છે. ગ્રાન્ટોની ફાળવણી બાબતે પણ કાર્યકરોમાં રોષ છે. મતદારો તેમના પાંચ વર્ષની કામગીરીથી નારાજ દેખાઈ રહ્યા છે. અત્યારે મોડાસા વિધાનસભાની આગામી ચૂંટણી માટે સંભવિત ઉમેદવારો સજ્જ થઈ રહ્યા છે.





## મહેસાણા જિલ્લામાં છ દિવસીય બાળ ફિલ્મોત્સવ ૨૦૧૭નો પ્રારંભ

સમગ્ર રાજ્ય સહિત મહેસાણા જિલ્લામાં આજથી છ દિવસીય બાળ ફિલ્મોત્સવો પ્રારંભ થયો છે. મહેસાણા જિલ્લામાં નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ વાઈડ એન્ગલ સિનેમામાં બાળકો સાથે ફિલ્મ માણી હતી. આજથી છ દિવસ સુધી જિલ્લાના નવ સિનેમાઘરોમાં અંદાજીત ૨૦૧૧૮ વિદ્યાર્થીઓ વિવિધ ફિલ્મોની મજા માણનાર છે. બાળફિલ્મોત્સવમાં બાળકો સાથે ફિલ્મ માણતા નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે. રાજ્ય સરકારનો હેતુ બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને જ્ઞાન અને શુભ સંદેશા સાથે આનંદ આપવાનો છે. બાળકોની નક્કી થયેલી ફિલ્મો થકી બાળકો એકબીજાને મળવાની સાથે ગમ્મત પડે, કંઈક શિખવાનું મળે અને જાણવાનું મળે તેવી હીટ થયેલી ફિલ્મો દર્શાવવામાં આવી રહી છે.

# ટોરડા સ્વામીનારાયણ મંદિરે અષાઢી તોલાઈ : એકંદરે વર્ષ સારું જશે

ભિલોડા, તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગોપાળાનંદ સ્વામીની જન્મભુમીમાં સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ જેમાં પાછોતરા વરસાદના એંધાણ વર્તાતાં ખેડુતો ખુશખુશાલ બન્યા છે. ખેડુતો, વેપારીઓ વર્ષોની પરંપરા અનુસાર ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં તોલાતી અષાઢી સાંભળવા તત્પર હતા. અષાઢ વદ એકમના દિવસે સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય (અનાજ)ની પોટલીઓ બનાવી સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ બાંધી ભગવાનની પાસે મુંકવામાં આવે છે. ટોરડા સવામીનારાયણ મંદીરમાં તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ પાછોતરા વરસાદ થાય નદી, જળાશયો, નાળા, ચેકડેમ, તળાવો છલકાશે. શિયાળુ પાક પણ સારો થઈ શકે.

ટોરડા મંદીરએ અષાઢી તોલાઈ ત્યારે પહાડા પટ્ટાના ખેડુતો, વેપારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી વર્ષોની પરંપરા મુજબ તોલાય છે. અષાઢીનો વર્તારો સાચો પડે છે. ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢીનો વર્તારો અને વધઘટ નીચે મુજબ છે. (૧) કાળી માટી-૧૧ કણ ઘટ (૨) લાલ માટી-બરાબર (૩) મકાઈ-ત્રણ કણ વધારે (૪) ડાંગર-બરાબર (૫) મગ-બે કણ વધારે (૬) બાજરી-૧૪ કણ વધારે (૭) કપાસ-બાર કણ ઘટ (૮) રસકસ-૧૦ કણ ઘટ (૯) અળદ-એક વધારે (૧૦) ઘઉં-૮ કણ વધારે (૧૧) ચણા-૫ કણ વધારે આ પ્રમાણે અષાઢીનો વર્તારો જોવા મળતાં પાછોતરો થાય એકદંરે વર્ષ સારૂ નિવડે તેવા એંધાણ વર્તાયા છે.



ટોરડા ગોપાળાનંદ સ્વામીના અનેક પરચા ટોરડા ગામમાં થયેલ છે. શામળાજીથી કાળીયા ઠાકોર શામળીયા ભગવાન ગોપાળાનંદ સ્વામી સાથે ટોરડા ગામે રમવા આવતા હતા ત્યારે શામળીયા ભગવાનનું ઝાંઝર ત્યાં રહી ગયું હતું. સાળંગપુરમાં કષ્ટભંજન દેવની મુર્તીની સ્થાપના કરી હતી. ભાવિક ભક્તોના દુઃખ દુર કરવાની પ્રેરણા પુરી પાડી હતી. ભિલોડા તાલુકાના ટોરડા સ્વામીનારાયણ મંદીરે દુર-દુરથી રોજે-રોજ દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આવી અલૌકિક મંદીરે દર્શન કરી ધન્યતા અનુભવે છે.